વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ માર્ચ, ૨૦૨૪
Vol. 18 No. 3

# ધાર્મિક ઘેલછા અને સમાજ



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# જાદવ પૂછે છે

સત્યશોધક સભાના એક મંત્રી જાદવ પૂછે છે :

પ્રશ્ન : અત્યારનાં ધર્મ અને રાજકારણ ધંધો જ છે કે બીજું કશું ?

ઉત્તર : સૂર્યકાન્ત શાહ

જો એક જ અક્ષરમાં જવાબ આપવાનો હોય તો, 'હા !' ? વાસ્તવમાં ધર્મ અને રાજકારણ બંને ધંધા ઉપરાંત બીજું ઘણું છે. કોઈપણ ધર્મ સમાજવિરોધી છે કારણ કે એ સમાજને જે નથી તે હોવાનું સ્વીકારવા ભય અને લાલચથી ફરજ પાડે છે. ઈશ્વર, ખુદા કે ગોડનું અસ્તિત્વ જ નથી. કર્મનો સિદ્ધાંત બિલકુલ અવાસ્તવિક અને નિર્દય છે. આમ છતાં ખાસ કરીને ધર્મના ઠેકેદારો અને જન્મ આપતાં મા–બાપ આખા સમાજને યેન્ કેન્ પ્રકારેન્ ધાર્મિક તો ઠીક ધર્મ પાછળ ઘેલો બનાવે છે.

રાજકારણની ખૂબ જરૂર છે. આથી રાજકારણ સમાજના ભલા માટે જ કામ કરે તે માટે રાજકારણીઓને સત્તા આપવી જરૂરી છે. સત્તાનો દુરુપયોગ કરી રાજકારણીઓ સમાજના અવ્વલ નંબરના દુશ્મન બને છે ત્યારે એ સમાજ અને વિશ્વ માટે મોટી આફત બની જાય છે. એમના પર અંકુશ રાખવા માટે લોકશાહી રાજ્ય વ્યવસ્થા અસરકારક મનાય છે, પરંતુ લોકશાહીના શબને પકડી એની અંદરની ભાવનાનું રાજકારણીઓ ખૂન કરે છે ત્યારે તે રાજકારણીઓ પર અંકુશ રાખી શકતી નથી. નિરંકુશ બનવા માંગતા રાજકારણીઓ અને પોતાની સમાજવિરોધી બાબતોને આગળ ધપાવવા માંગતા ધાર્મિક નેતાઓ જ્યારે પોતાની એક ટોળી બનાવે છે ત્યારે ધર્મ અને રાજકારણ ધંધો રહેતો નથી. એ બન્ને ધંધાથી આગળ વધીને જુલમી એવા શોષક બની જાય છે. આમ તો ધંધો પોતે તો સમાજની પાયાની સેવા કરે છે. વાજબી નફો કમાઈને ધંધો કરતો કોઈ પણ ધંધાદારી સમાજને ચીજ–સેવા પૂરી પાડીને જરૂરિયાતોને સંતોષે છે. આ સંદર્ભે ધર્મ અને રાજકારણની જુગલ જોડીને 'ધંધો' કહેવામાં ધંધો અને ધંધાદારીઓનું ભારોભાર અપમાન થાય છે.

રાજકારણ અને ધર્મ જ્યારે હાથ મિલાવે છે ત્યારે (૧) રાજકીય સત્તાનો આશરો લઈ ધાર્મિક નેતા પોતાના ધર્મને સામ, દામ, દંડ અને ભેદ જેવી બિલકુલ તિરસ્કૃત નીતિનો ઉપયોગ કરી શ્રેષ્ઠ પુરવાર કરવાના પ્રયત્નો કરે છે. સમજી શકાય એવું છે કે અન્ય ધર્મીઓની સામૂહિક કતલ થાય ત્યાં સુધીના જુલમ થાય છે. (૨) ધર્મની આણ મૂકીને રાજકીય નેતાઓ પોતાના બધાં જ દોષ અને ગુનાને છુપાવી શકે છે. એમને વધારે સમાજવિરોધી બનવાનું પ્રોત્સાહન મળે છે. એમની પડખે લશ્કર સુધીની બિલકુલ અમાનવિય એવી 'તાકાત' છે !

આમ ધર્મ અને રાજકારણ સ્વતંત્ર રીતે જેટલા નુકસાનકારક છે તેના કરતાં વધારે બન્ને વચ્ચેના જોડાણ ખૂબ વધારે ભયજનક એવા સમાજવિરોધી હોય છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી
ડો. સુષ્મા અય્યર
મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ માર્ચ, ૨૦૨૪ | સળંગ અંક : ૩૮૮ | Vol. 18 No. 3


## ધાર્મિક ઘેલછા અને સમાજ

**–સૂર્યકાન્ત શાહ**

સત્યશોધક સભાએ યોજેલ નિબંધ સ્પર્ધામાં સપર્ધકોને અગાઉથી ચાર વિષયો આપ્યા હતા. (આ અંકમાં આ ચાર વિષયોનો અન્યત્ર ઉલ્લેખ છે.) એમાંનો એક વિષય 'ધાર્મિક ઘેલછા અને સમાજ' હતો. સાનંદાશ્ચર્ય એ હકીકતનું છે કે અડધાથી વધારે સ્પર્ધકોએ આ વિષય પસંદ કર્યો. જે ત્રણ વિજેતાઓ છે એમણે પણ આ જ વિષય પસંદ કર્યો હતો. આ વિષય પર સ્પર્ધકોના વિચારો જાણતા ફરી એકવાર સાનંદાશ્ચર્ય થયું કે એમણે ધાર્મિક ઘેલછા પરત્વે અણગમો વ્યક્ત કર્યો છે. સમાજ પર ધાર્મિક ઘેલછા, નુકસાનકારક અસર કરે છે તે પણ બધાએ જાણે એકમતે દર્શાવ્યું છે. ધો. ૯ થી ૧૨ માં ભણતા કિશોરોએ ધર્મ અને ધાર્મિક ઘેલછા માટે જે સમજદારી દર્શાવી છે તે અભિનંદનને પાત્ર છે. આપણી આજુબાજુ ધર્મતરફી વાગતા દુદુંભિ તો જાણે એવું જ સૂચવે છે કે સમાજના ભલા માટે ધર્મ અને ધાર્મિક ઘેલછા જ તરણોપાય છે. ધાર્મિક સૂત્રો બોલવા અને અન્યોને તે બોલવા માટે ફરજ પાડવાથી માંડી છેક લાંબા થઈને સાષ્ટાંગ દંડવત્ પાયલાગણ સુધી જે કંઈ થઈ રહ્યું છે, અને તેનો જે જોરશોરથી પ્રચાર થઈ રહયો છે તે

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

તો જાણે એવું જ સૂચવે છે કે આપણે માટે સૌથી વધારે ઉપકારી તત્ત્વ જો કોઈ હોય તો તે 'ધાર્મિક ઘેલછા' છે. ધર્મની  પાછળ ગાંડા થવાથી આપણી બધી જ ઈચ્છાઓ–તૃષ્ણાઓ સંતોષાઈ જવાનો જે દાવો કરવામાં આવે છે તે થકી ઘેલા લોકો વાસ્તવમાં 'ઘેલા' છે કે પોતાની એષણા સંતોષવા માંગતા 'સ્વાર્થીઓ' છે એનો એક જુદો અભ્યાસ કરવા જેવો છે. આ જ સ્વાર્થની રમતને આગળ લઈ જવામાં આવે તો ધર્મમાં ઘેલા લોકોને ચોકકસ રાજકીય વિચારધારાના ગુલામ બનાવી દેવાય છે એ તો ઈતિહાસ સિદ્ધ હકીકત છે. આથી જેઓ પોતાનો રાજકીય રોટલો 'શેકવા' માંગે છે તેઓ તો પ્રજા વધારે ને વધારે ધર્મઘેલી થાય તેવા પ્રપંચો કરે જ. આ એમનો સ્વાર્થ છે. સત્તાપ્રાપ્તિ સૌથી વધારે પ્રેરકબળ છે. સત્તાથી પદ, પ્રતિષ્ઠા અને પૈસો બેસુમાર મળતા હોય છે. પોતાની વિચારધારા લોકો પર થોપી બેસાડવામાં પણ સત્તા સૌથી વધારે અસરકારક હથિયાર છે. આથી સત્તાભૂખ્યા લોકોને એકવાર એવું સમજાઈ જાય કે લોકોને ધર્મઘેલી કરવાથી સહેલાઈથી સત્તા મળશે તો તેઓ એક પછી બીજો પ્રસંગ એવો પેદા કરે કે લોકો વધુ ને વધુ ધર્મઘેલા બને.

આપણી ઉછરતી પેઢી આ નુકસાનકારક વલણોને સટીક નજરે જુએ છે એ આ નિબંધો વાંચતા સમજાય છે. આ આશાનું એક મોટું કિરણ છે. આપણે રેશનાલિસ્ટોએ તો એમાં જ આવતીકાલના ઉજળા ભાવિને જોવાનું છે. આપણા આ કિશોરો કોઈ એક નિબંધમાં વિચારો દર્શાવીને સંતોષ નહીં માને, પરંતુ એમાં વધારે ને વધારે ચિંતન કરે એ અપેક્ષા સાથે વિરમું.

---

હબલે સંશોધને કર્યું તે પહેલા એવુ માનવામાં આવતું કે આપણી દૂધગંગા જ એકમાત્ર નિહારિકા છે. હબલે પુરવાર કર્યું કે આપણી દૂધગંગા ઉપરાંત સચરાચરમાં અબજો નિહારિકા છે ! એણે વધારામાં શોધ્યું કે આપણી દૂધગંગામાં ૪૦૦ અબજ તારા છે !

એક જોગાનુજોગ જાણવા જેવો છે : હબલ જ્યારે દૂરબીનથી અબજોના અબજો તારાઓથી ભરેલી અબજો નિહારિકા શોધતો હતો ત્યારે લીનવેનહોક નામનો વૈજ્ઞાનિક સૂક્ષ્મદર્શક યંત્રથી વાયરસ સુધીના સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવંત તત્ત્વોને શોધતો હતો !

# અંધકાર યુગ તરફ પુનઃ પ્રયાણ

**–તંત્રી લેખ**

ઈતિહાસમાં પાંચમીથી દશમી સદીનો કાર્યકાળ 'અંધકાર યુગ'થી ઓળખાય છે. આ યુગમાં સમાજ સ્થગિત થઈ ગયો હતો. એક જ પરિવર્તન થતું હતું. નવા જન્મેલા સમાજમાં પ્રવેશતા હતા. જૂના વિદાય થતા હતા. સાંસ્કૃતિક ક્ષેત્રે કોઈ નવું ખેડાણ થતું નહોતું. નવા વિચારો અને આચારો, કે જે સમાજના કુલ આનંદને વધારે તેનું સર્જન થતું નહોતું. સમાજ પર સમાજવિરોધી એવા ધર્મ અને ઠેકેદારોની સખત પકડ હતી. કોઈક કહેવાતા 'પવિત્ર ગ્રંથ'માં જે લખાયું છે તે છેવટનું માનવા–મનાવવામાં આવતું હતું. એ ગ્રંથ અને તેનું અર્થઘટન કરવાનો ઈજારો ધરાવનારા ઠેકેદારો જે કહે તે સિવાય અને ઉપરાંત કશે નથી જ્ઞાન, નથી નવો વિચાર કે નથી કોઈ સામાજિકતા – એવું બળપૂર્વક અને જુલમો કરીને માનવાની ફરજ પાડવામાં આવતી હતી. મુખ્યત્વે ધર્મના નામે નાના નાના હિંસક તોફાનોથી માંડી મોટા પાયા પરના 'ધર્મયુદ્ધો' પારાવાર લોહી રેડતા હતા.

આ અંધકારમાંથી સમાજને બહાર કાઢી પ્રકાશ તરફ લઈ જવા માંગતા હજારો–લાખો સમાજહિતચિંતકોએ પોતાના જાનની કુરબાની આપીને સમાજને પ્રકાશના દર્શન કરાવ્યા. સૌથી વધારે અગત્યનો એ વિચાર ઘણા દેશ–પ્રદેશોમાં સ્વીકારાયો કે રાજ્યસત્તા અને ધર્મસત્તાને અલગ કરવી. જ્યાં આ અલગતા આવી ત્યાં નવા વિચારો, સંશોધનો, કુલ આનંદ, નવી ટેકનોલોજીએ સમાજને પ્રગતિશીલ બનાવ્યો. લોકશાહી રાજ્યવ્યવસ્થા અદના આદમીના અવાજને માનભર્યું સ્થાન આપશે એવું સ્વીકારાયું. ઘણા સમાજોએ લોકશાહી સ્વીકારી.

એકવીસમી સદીમાં આપણે હજી માનવમૂલ્યોને વધારીશું, વિવેકબુદ્ધિવાદ અગ્રેસર બનશે અને અપમાનિત માણસના અપમાન ખંખેરાશે એવી આશા બંધાઈ હતી. આ સદીના વીતી ગયેલા ત્રેવીસ વર્ષોએ આ આશાને નિરાશામાં ફેરવવા માંડી છે. સર્વત્ર અવૈજ્ઞાનિકતા ઝડપથી આગળ વધી રહી છે. સમાજવિરોધી ધર્મ પોતાની પકડ વધારવા માંડયો છે. એના ઠેકેદારો ખૂબ વ્યવસ્થિત રીતે રાજસત્તાને પોતાને આધીન કરી રહ્યા છે. વૈજ્ઞાનિક મિજાજ અને વિજ્ઞાન અલગ છે. અંધકારના આ એજન્ટો વિજ્ઞાન થકી પેદા થતી ટેકનોલોજીને પોતાની ગુલામ બનાવવા માંડયા છે. એમને વિજ્ઞાન અને ટેકનોલોજીની

ખૂબ જરૂર છે. એમને વૈજ્ઞાનિક અભિગમ જરાયે સ્વીકાર્ય નથી. આ સંદર્ભે આજે દુનિયામાં ચાલતા રશિયા–યુક્રેન, ઈઝરાયલ–પેલેસ્ટાઈન અને રાતા સમુદ્રના યુદ્ધોને મૂલવવામાં આવશે તો સમજાશે કે ક્યાં તો ધર્મ અથવા જમણેરી વિચારધારા એના મૂળમાં છે. ૨૦૨૪માં વિશ્વની અડધી વસતિ ચૂંટણીનો અનુભવ કરવાની છે. પાકિસ્તાનમાં યોજાઈ ગયેલી ચૂંટણી સમજાવે છે કે લોકશાહીને આ બદમાશ રાજકારણીઓ પાયામાંથી જ નિષ્ફળ કરી રહયા છે. ધર્મના નામે મત ઉઘરાવવાનું મોટા પાયા પર શરૂ થઈ ગયું છે. ધર્મનો આશરો લઈને વિજેતા બનનારા સત્તા પર રહીને આજે અને આવતીકાલે ધર્મની અવૈજ્ઞાનિકતા અને એના જુલમો જ આગળ ધપાવશે. ફરી એકવાર રાજસત્તા અને ધર્મસત્તાની જુગલબંધી થવા માંડી છે. વૈજ્ઞાનિક અભિગમ હાંસીપાત્ર બનવા માંડયો છે. સંશોધનો એમની તટસ્થતા ગુમાવવા માંડયા છે. ધર્મની અવૈજ્ઞાનિકતાને પોષતા ભ્રામક સંશોધનો સમાજ આગળ મૂકાવા માંડયા છે. સામાન્ય નાગરિકને સમજ જ પડતી નથી કે ફરી એકવાર એ બંદી બનવા માંડયો છે. ખૂબ ચતુરાઈપૂર્વક એને બેડીઓ પહેરાવવામાં આવી રહી છે. ક્ષિતિજ પર પ્રકાશનો વિલય અને અંધકારનાં આગમન દેખાઈ રહયાં છે.

---

અમદાવાદમાં રહેતા જાણીતા રેશનાલિસ્ટ અને ખગોળ નિષ્ણાત તથા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ એવા સુરેશભાઈ પરીખના માતૃશ્રી ઈન્દિરાબેન હસમુખલાલ પરીખનું તા. ૨૮–૨–૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે.

તેઓએ એક જાણીતા રેશનાલિસ્ટ તરીકે પોતાના માતૃશ્રીના દેહનું ગાંધીનગર સિવિલમાં દેહદાન કરેલ છે અને તેઓની પાછળ કોઈ બેસણુ કે મરણ પાછળની ધાર્મિક ક્રિયાઓ રાખેલ નથી. એમણે સમાજમાં એક અનુકરણીય દ્રષ્ટાંત રેશનલ પુરું પાડેલ છે. આજના કટ્ટર ધાર્મિક વાતાવરણમાં પણ આમ એમને રેશનલ વિચારધારાને વળગી રહેવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

વિશેષ સુરેશભાઈ પરીખને આકાશદર્શનમાં ખૂબ રુચિ હોવાથી લોકોને સંપૂર્ણ ફ્રી માં પોતાના જ ઘરે ટેલિસ્કોપ દ્વારા તારા–ચંદ્રનું જ્ઞાન તેઓ આપતા રહે છે. ખગોળશાસ્ત્ર અને કેમિકલના નિષ્ણાત તરીકે તેઓ રેશનાલિસ્ટ પ્રવૃત્તિમાં ઉમદા કાર્ય કરી રહ્યા છે.

એમના માતૃશ્રી ઈન્દિરાબેન પરીખને વિનમ્ર અંજલી.... **–પીયૂષ જાદુગર**

**પ્રેષક :** સિદ્ધાર્થ દેગામી

## વાચકનો મિતભાષી અભિપ્રાય

**–રાકેશ દેસાઈ, સુરત**

'સત્યાન્વેષણ' અંક ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ નું મુખપૃષ્ઠ ખૂબ જ ગમ્યું. 'સત્યાન્વેષણ' અંકમાં રેશનાલિસ્ટ કેવા હોય ? રેશનાલિસ્ટ વિચારધારા શું છે ? કેવી રહેશે ? સાંપ્રત સમયમાં માનવે કેવી રીતે વર્તન કરવું જોઈએ ? સાચો આનંદ અને ઉત્તમ જીવન કેવી રીતે જીવી શકાય ? આ માટેના માર્ગદર્શક ઉપયોગી અંકો પ્રકાશિત કરતું રહે છે. તેમાં આવતા ગુણવત્તાસભર લેખો અને તંત્રીલેખ ખૂબ જ સરળભાષામાં સત્યની નજીક જીવનપ્રેરક અને જીવનને ઊંચાઈ પર લઈ જનારા હોય છે તે માટે સંપાદક ટીમ અને તંત્રીને હૃદયપૂર્વકના ધન્યવાદ.

આ અંકમાં 'માનવવાદના સિદ્ધાંતો'નું નિવેદન પ્રો. અશ્વિનકુમાર ન. કારીઆ સમગ્ર માનવજાત માટે અને રેશનાલિસ્ટે માટે આધુનિક જીવનશૈલી આનંદભર્યું જીવન જીવવા માટે દીવાદાંડી સમાન માર્ગદર્શક લેખ છે.

તંત્રીલેખ 'ખૂણો પાળતી બિનસાંપ્રદાયિકતા'માં જે સાચી સમજણ અપાઈ છે તે યથાર્થ છે. સાથે રેશનાલિસ્ટે સચેત જાગૃત રહી શાંત ક્રાંતિની હિમાયત સ્વીકારી પ્રગતિશીલ વિચારધારા આગળ વધારવાની વાતો ગમી ગઈ, અને દરેકે તે અમલમાં મૂકવા જેવી ખરી. રેશનાલિસ્ટની સંખ્યા એક અબજ સુધી પહોંચી. મોટી સંખ્યામાં દુનિયામાં રેશનાલિસ્ટ વિચારધારા ધરાવનારાં બની રહ્યાં છે તે જાણવા મળ્યું.

રેશનાલિસ્ટ બિપીન શ્રોફ પરનો લેખ, તેમનું વિરાટ કાર્ય સંઘર્ષ જાણવા મળ્યાં. પ્રેરણા મળી.

અંતે સભાના મંત્રી દ્વારા પૂછાયેલા સવાલનો જવાબ સૂર્યકાન્ત શાહ આપે છે તે એકવાર અને ફરી ફરી વાંચીને આનંદ મળે છે. સાથે સ્પષ્ટતા મળે છે. સમજણ વિકસીત થઈ જવાબ વાંચવાથી, ઉત્તર બહુ જ ગમ્યો–મજા પડી. રવિવારની મોડી સાંજે આખો અંક વાંચ્યો. મોજ આવી ગઈ. તાજા બની ગયા.

**'સત્યાન્વેષણ' કુરિઅર દ્વારા પણ મંગાવી શકાય છે.**

# ગરુડ પુરાણ

'ગરુડ પુરાણ' વીશે દયાનંદ એમના 'સત્યાર્થ પ્રકાશક'માં દાખલો આપતા જણાવે છે કે પોપજી એટલે કે એક બ્રાહ્મણ ભટજીની ગાય લઈ જાય છે કારણ કે એમણે ભટજીને ત્યાં ગરુડપુરાણ વાંચ્યું હતું. થોડા દિવસ બાદ ભટજી પોતાની ગાય પાછી લેવા જાય છે. એ પ્રસંગે ભટજી – પોપજીના સંવાદ :

ભટજી : એ ગરુડપુરાણને હું સાચું કેમ કરીને માનું ?

પોપજી : જેમ બધા લોક માને છે તેમ.

ભટજી : એ પુસ્તક તમારા પૂર્વજોએ તમારી જીવિકા માટે બનાવ્યું છે. કારણ કે પિતાને પોતાના પુત્ર વગર કોઈ વધારે પ્રિય નથી હોતું. જ્યારે મારા પિતા મને ચીઠ્ઠી–પત્ર કે તાર મોકલશે ત્યારે હું વૈતરણીના કાંઠે ગાય પહોંચાડી દઈશ અને તેમને પાર ઉતારીને ગાયને પાછી ઘેર લઈ આવીને અમે બધાં દૂધ પીધા કરીશું. લાવો દૂધની ભરેલી આ તાંબડી અને મારી આ ગાય અને તેનું વાંછરડું.

---

દયાનંદ 'સત્યાર્થ – પ્રકાશક' માં જણાવે છે :

મોક્ષમાં અને આ દુનિયામાં કાંઈ તફાવત નથી.

મોક્ષમાં જીવાત્માની સાથે ભૌતિક શરીર કે ઈન્દ્રિયોના ગોલકા નથી રહેતા, પરંતુ જીવાત્માના પોતાના સ્વાભાવિક ગુણો રહે છે. મુકિતમાં જીવાત્મા જ્યારે સાંભળવા ઈચ્છે ત્યારે શ્રોત, સ્પર્શ કરવા ઈચ્છે ત્યારે ત્વચા, જોવાના સંકલ્પથી ચક્ષુ, સ્વાદને માટે રસના, ગંધને માટે ઘ્રાણ, સંકલ્પ–વિકલ્પ કરતી વખતે મન, નિશ્ચય કરવા માટે બુદ્ધિ, સ્મરણ માટે ચીસ અને અહંકાર માટે અહંકારરૂપ પોતાની સ્વશકિતથી થઈ જાય છે, અને મુકિતમાં આવું સંકલ્પમાત્ર શરીર હોય છે. જેમ વર્તમાન બુદ્ધ અવસ્થામાં જીવ શરીરને આધારે રહીને ઈન્દ્રિયોના ગોલક દ્વારા પોતાનું કાર્ય કરે છે, તેમ તે મુક્તિમાં પોતાની સર્વ–શકિતથી સર્વ આનંદ ભોગવે છે.

---

હોકિંગે Black hole (શ્યામ ગર્તા) પર ખૂબ સંશોધન કર્યું છે. પરંતુ આ શબ્દ તો જેમાં આઈનસ્ટાઈન કામ કરતા હતા તે પ્રિન્સટોન યુનિવર્સિટી (અમેરિકા)ના ભૌતિકશાસ્ત્રી જ્હોન વ્હીલરે શોધ્યો હતો. આ સૂચવે છે કે અનંત જ્ઞાનની શોધની યાત્રામાં અનેક વૈજ્ઞાનિકો પોતપોતાનો નાનો–મોટો ફાળો આપતા હોય છે.

## અમને થતા વારંવાર પ્રશ્નો અને પડકાર

હે મારા વહાલા તમામ ધર્મપ્રેમીઓ, ધર્મમાં માનનારા મનુષ્ય જાતિના સ્વજનો એટલે કે ભાઈઓ અને બહેનો, આપણે સૌ ભગવાન, અલ્લાહ, ગોડમાં માનીએ છીએ. શું કરવા માનીએ છીએ ? તેમાં કાંઈક હશે તો જ ને ! તેવા અમને વારંવાર પ્રશ્નો થાય છે. આ સાથે દર્શાવેલ આટલા મોટા પડકાર હોવા છતાં ૧૪૫ કરોડ ભારતની વસ્તીમાંથી કોઈએ માઈકા લાલ, ધરમનો અળસો ઓઢીને બેઠેલામાંથી એકેય અમારા આટલા મોટા પડકારને સ્વીકાર્યો નથી. તે સાબિત કરે છે કે આમ જનતાને ખબર છે કે ભગવાન, અલ્લા, ગોડ એકેયનું અસ્તિત્વ નથી. આમજનતા તે કબૂલે છે. તે સાબિત થાય છે. આમ છતાં વર્ષો જૂની પરંપરા એટલે કે ધર્મ, બાળકોને મોંમા ચુસણી આપીને જેમ રડતું બંધ થઈ જાય છે, તેમ આમજનતાને ધર્મ રૂપી ચુસણી જોઈએ છે. મરીશું તો પણ નહીં મુકીએ તે સાબિત થાય છે. ચૂંટણી આવે ત્યારે વાત તો થાય છે કે અમારા સમાજની વ્યકિત ઉભી છે તેને જ મત આપવાનો. કામ કરે તેવો સારો માણસ અને હોંશિયાર હોય તો પણ તે ન જોઈએ. કારણ કે તે બીજી જ્ઞાતિનો છે, એટલે પછી આપણે કયાંથી આગળ આવીએ ? અંધશ્રદ્ધાની સાબિતીઓ રૂપે પુત્ર પ્રાપ્તિ માટે ધર્યા ભાવેશભાઈ અકબરીએ ધાવાગીરમા તા. ૮–૧૦–૨૦૨૨ના રોજ ૧૪ વર્ષની છોકરીનો બલિ ચડાવ્યો. સાત ભૂવાઓએ ધાનેરાગોલા ગામ તા. ૧૪–૧૨–૨૦૨૨ નો કિસ્સો માતાનું દુઃખ દૂર કરવા સાત ભૂવાઓએ ભેગા થઈને એક કરોડ માંગ્યા તેમાંથી રૂ. ૩૫,૦૦,૦૦૦/– આપ્યા. આવા તો અનેક બનાવ બનેલ છે. તેમ છતાં કયા મંડળોએ તેનો વિરોધ કર્યો ? આ કામ તો ચૂંટાયેલી સરકારના હાથમાં છે. કાયદો હોવા છતાં અંધશ્રદ્ધા જ ચાલે છે. આવાં મંડળો પ્રજા માટે નથી તે સાબિત થાય છે. પ્રજાએ ધર્મના નામે મરવા માટે જન્મ લીધો છે. ગમે તેટલા હાદસાઓ બને તેમા ભગવાનનો નહીં, ને સરકાર કાંઈ નથી કરતી તેવું કહેવામાં આવે છે. બધા ધર્મના અસંખ્ય ઢંઢેરો પીટનારા હોવા છતાં અફસોસ, અમારી ચેલેન્જ આટલી બધી મોટી હોવા છતાં તેની કિંમત કાંઈ નથી. આપણે શું ઘેટાશાહીમાં જીવીએ છીએ ? જો આપણો ધર્મ સાચો હોય તો અમારી ચેલેન્જ લ્યો અને ભગવાન, અલ્લાહ, ગોડની સાથે અમારી મુલાકાત કરાવો.

અમારુ એવું માંગવું છે કે આમ, ખાધે–પીધે જીવ માત્ર સુખી હોય, કયાંય ભૂકંપ કે વરસાદની મહામારી ન થાય. કોઈ જગ્યા પર હાદસા ના બને, રાજકારણ પણ એવું જ હોય કે પ્રજાનાં કામ સરળતાથી થાય. કોઈ ખોટુ ન કરી શકે, એવું બંધારણ હોઈ તેનો સંપૂર્ણ સચ્ચાઈથી અમલ થવો જોઈએ. કોઈપણ મનુષ્ય કે જાનવરોના બલિ ચડવા ન જેઈએ. મતલબ કે જીવમાત્ર સુખી હોય આવું માંગવું છે. તમો અમને આ ભગવાન, અલ્લાહ ગોડની મુલાકાત કરાવી દો. જે એ ન થઈ શકે તો શું શું કરી શકાય તે આમજનતામાંથી કોઈક તો અમને કહો. ધર્મના ઠેકેદારથી શું થઈ શકે તે કહો અમને. હજી અમારી ચેલેન્જ ચાલુ છે. ભગવાન, અલ્લાહ, ગોડ છે તે  કે કોઈ ચમત્કાર સાચો પુરવાર કરો. ડિપોઝીટ મૂકો જો તમે સાચા ઠરશો તો ડિપોઝીટ પરત મળશે, નહિતર ડિપોઝીટ જપ્ત થશે. અમારા પ્રશ્નોના જવાબ પણ આપવાના રહેશે.

**:: અમારાં ઈનામો ::**

| | | | |
|---|---|---|---|
| ૧. | રેશનલ એસોસિએશન | ૬ કરોડ | ૯૫૮૬૦ ૫૧૭૫૮ |
| ૨. | મધુભાઈ કાકડીયા મિલકત વેચીને<br>(અંધશ્રદ્ધા નિવારણ શાખા, પ્રમુખ) | ૫ કરોડ | ૯૮૨૫૫ ૩૨૨૩૪ |
| ૩. | માનવ દાનભાઈ ગઢવી<br>(અંધશ્રદ્ધા નાબુદી અભિયાનના પ્રમુખ) | ૫ કરોડ | ૮૭૮૦૬ ૩૨૧૫૬ |
| ૪. | રાજુભાઈ સુરકાવાળા–મિલકત વેચીને | ૪ કરોડ | ૯૯૨૫૬ ૨૬૨૯૫ |
| ૫. | બીપીનભાઈ શેખાવા | ૪ કરોડ | ૯૬૦૧૦ ૯૬૭૯૦ |
| ૬. | સરલ મોરી (પત્રકાર) | ૨ કરોડ | ૯૯૭૮૯ ૯૪૮૮૩ |
| ૭. | દેવરાજભાઈ રાવલીયા<br>(માજી ભુવા હતા) | ૨ કરોડ | ૯૮૨૫૬ ૮૩૫૧૬ |
| ૮. | બળવંતભાઈ સોલંકી<br>બે ફોરચ્યુનર ફોરવીલ | ૨ કરોડ<br>૨ | ૭૬૨૧૯ ૬૪૭૩૦ |
| ૯. | પ્રમુખ : મુકુંદભાઈ પી. ચૌહાણ (મહુવા) | ૧ કરોડ | ૯૯૨૪૬ ૩૨૮૯૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | લાલજીભાઈ છગનભાઈ પાટણ | ૧૦ વીંઘા જમીન ૪ લાખ, અર્ટીગા ફોર વ્હીલર ગાડી, કે.ટી.એમ. બાઈક. | ૮૨૩૮૦ ૧૫૦૯૦ |
| ૧૧. | રમેશભાઈ પુનાભાઈ ડાંગી | ૫ તોલા સોનુ ૨ ફોર વ્હીલર ક્રેટા | ૭૩૫૯૬ ૭૧૦૦૫ |
| ૧૨. | બાબુલાલ તરફથી | ૧૦ કિલો ચાંદી | ૮૩૪૭૬ ૧૬૫૬૫ |
| ૧૩. | કમલેશભાઈ જાદવ (માજી ભુવા હતા) | ૫ વીઘા જમીન | ૯૦૧૬૪ ૦૨૦૪૫ |
| ૧૪. | લાલજીભાઈ દામજીભાઈ મકવાણા બોટાદથી | ૫ લાખ | ૯૯૦૯૪ ૯૩૦૧૭ |
| ૧૫. | જગદીશભાઈ પ્રજાપતિ (અમરોલી) સ્કૂલના ટ્રસ્ટી | ૫ લાખ | ૯૯૨૪૪ ૬૮૧૦૦ |
| ૧૬. | પરસોત્તમભાઈ મૂંગળા (જામનગર) | ૨ લાખ | ૯૯૨૫૬ ૩૩૭૩૫ |
| ૧૭. | શ્રી રામ ડારા (મુ. પો. ગુલ્લા, ધાનેરા બનાસકાંઠા) | ૧ લાખ | ૯૯૧૩૯ ૬૬૬૫૦ |

માણસને થોડું કહેવું પડે કે માણસ થાવ ? આમ તો ધર્મમાં માણસ આંધળો થઈ ગયો છે. ભગવાઓ, સંતો–મહંતો, પાદરીઓ, ફકીર–ઓલિઆઓ, મુંજાવરો, માતાજીઓ, ભુવાઓ, જોષીઓ, ભગવાન વગર પાંદડુંય ન હાલે એવું કહેનારાઓને તો અમો આજીજી કરીએ છીએ કે કોઈક તો આગળ આવો અને અમારી ચેલેન્જ સ્વીકારો.

અમારા પ્રશ્નોનાં સાચા જવાબ આપનારને પણ અમો નમન કરીશું, તેમનો આભાર માનીશું. અન્યથા વર્ષોથી ધરમના નામે જે ચાલે છે તે હંબક છે, તેમ સાબિત થશે. માણસાઈનો ધર્મ નથી રહ્યો તે સાબિત થશે. નવા ચેલેન્જ દાતા લેવામાં આવશે. અમારી જોડે જોડાઈ શકશો.

લિ. મધુભાઈ કાકડીયા – ૯૮૨૫૫ ૩૨૨૩૪
(અંધશ્રદ્ધા નિવારણ શાખાના પ્રમુખ)
કમલેશભાઈ જાદવ – ૯૦૧૬૪ ૦૨૦૪૫
(ભૂતપૂર્વ ભૂવા હતા)
સરલભાઈ મોરી – ૯૯૭૮૯ ૯૪૮૮૩
(પત્રકાર ગામ : વાવડી)
દેવરાજભાઈ રાવલીયા – ૯૮૨૫૬ ૮૩૫૧૬
(ભૂતપૂર્વ ભૂવા હતા)

---

## અપીલ

ગુજરાતી–ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતી–ભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

## ડાર્વિનવાદની સમજણ

*  મહત્વના મુદ્દાઓ :

બ્રહ્માંડની ઉત્પત્તિ, વિશ્વની ઉત્પત્તિ અને માનવ / સજીવની ઉત્પત્તિ એક પ્રાકૃતિક સહજ, આકસ્મિક ઘટનાઓનું પરિણામ.

દરેક પ્રજાતિ કે નવી પ્રજાતિઓમાં નોંધાયેલા ફેરફારો અથવા બદલાયેલા શારીરિક ફેરફારો કે વર્તાવમાં ફેરફારો અને તેમની આસપાસ થયેલ પ્રકૃતિ સહજ ફેરફારો, સંજોગો જરૂરિયાતથી પ્રભાવિત થયેલ છે. જેમ કે, આગની શોધ, રક્ષણ માટે હથિયાર, માંસને પકાવવા માટેનાં સાધનો. આ ફેરફારો પણ લાખો–કરોડો વર્ષથી થયેલ જનીનના ફેરફારના પરિણામે છે કે, તેના પર આધારિત હોય છે.

ડાર્વિનવાદ આ મોટા ફેરફારો કેવી રીતે થાય છે તે સમજવામાં અસમર્થ પુરવાર થયેલ છે. ડીવીરીસ જેવા વૈજ્ઞાનિકો આવા મોટા ફેરફારો કે વર્તાવમાં ફેરફારો મ્યુટેશન દ્વારા સમજાવી શકવામાં સફળ રહ્યા હતા.

આમ, ડાર્વિનવાદના ઉત્ક્રાંતિવાદ જે ઈ. સ. ૧૮૫૮માં પ્રસ્તુત કરવામાં આવેલ હતો કે, જે ઈ. સ. ૧૮૭૧–૭૨ માં The descent of human માં સમજવામાં આવેલ હતો.

## રોબોટને 'માણસ' ગણવો જોઈએ

હોકીંગ કહે છે કે રોબોટમાં કૃત્રિમ બુદ્ધિમતા દાખલ કરવાથી એ કોઈ પણ વ્યક્તિની જેમ ગુના કરી શકે છે. આપણે હાડ–માંસ વગરની વ્યક્તિઓ જેવી કે મર્યાદિત જવાબદારી મંડળીઓ, ટ્રસ્ટો, સરકાર વગેરેને એક વ્યક્તિ ગણી તેઓ જે તે દેશના કાનૂનો અનુસાર વ્યવહારો કરે તે માટે કાયદા બનાવ્યા જ છે. એ જ પ્રમાણે કૃત્રિમ બુદ્ધિમતા ધરાવતા રોબોટમાં પણ દેશના કાયદા લાગુ પડે તેવા ધારા બનાવવા જોઈએ. દેશના ધારા પ્રમાણે જો કોઈ હાડ–માંસ ધરાવતી વ્યક્તિને ફાંસીની સજા થઈ શકતી હોય તો આવા રોબોટને પણ ફાંસીની સજા આપવાના પ્રસંગ ઉભા થાય તો એને ફાંસી આપવી. તે હેતુથી આવા રોબોટ બનાવતી વખતે જ 'મારી નાંખવો' નું બટન સમાવી લેવું જોઈએ.

## જીવનની સંકુલતા : અલભ્ય

આપણે સચરાચરમાં જેટલું જોઈ અને સાંભળી શકીએ છીએ તેનાથી એટલું નક્કી થાય જ છે કે આપણા જોવા–સાંભળવાના વિસ્તારમાં જીવન જેવું કશું નથી. સરચરાચરના આપણા જોયેલા સંભળાયેલા ખાસ્સા મોટા વિસ્તારમાં જીવન નહીં હોવાનો અર્થ એ થાય કે આપણી પૃથ્વી પરનું જીવન અને એની સંકુલતા અલભ્ય છે. એ અલભ્ય છે કારણ કે જીવનની સંકુલતા પોતે એક ખૂબ નાજુક સમતુલા છે. જીવનમાં સમાવિષ્ટ રસાયણો અને મોડમુલ્ય એ તાપમાનના ચોક્કસ વિસ્તારમાં જ એકબીજા સાથે બંધાયેલા રહે છે. જુઓને જેના પર જીવોનો અનિવાર્ય એવો આધાર છે એ પાણી માત્ર ૧૦૦° સેન્ટિગ્રેડમાં વરાળ થઈ જાય છે. પૃથ્વી પર જીવન હોવાની વાત કરીએ ત્યારે એ સમજવું જરૂરી છે કે પૃથ્વીના ચોક્કસ વાતાવરણવાળા પ્રદેશોમાં જ એ વધારે વિકસે છે. પૃથ્વી પર આવતા હિમકાળ અને ગ્રીન હાઉસ વાયુઓને કારણે આવતા કાળઝાળ ગરમીના સમયગાળાની વચ્ચે તાપમાન જ્યારે મધ્યમ થાય છે ત્યારે જીવન વિકસે છે. આપણી પૃથ્વીનું કદ જરા નાનું કે મોટું હોત, સૂર્યથી પૃથ્વીનું અંતર જરાક ઓછું કે વધતું હોત, ધરી પર પૃથ્વીનું નમવું જરાક વધતું કે ઓછું હોત, બીગ બેન્ગ પછી જે બધુ વ્યવસ્થિત ચાલ્યુ તેમાં સમયાંતરે ભંગ નહી પડયા હોત તો અત્યારે જે પ્રકારનું જીવન અસ્તિત્ત્વમાં છે તે પાંગરતે નહીં. આથી સ્વીકારવું પડે કે જીવનની સંકુલતા ખૂબ નાજુક અને સચરાચરમાં અલભ્ય છે.

* * *

અવકાશમાં આપણે જેમ જેમ દૂરનું જોઈએ છીએ તેમ તેમ ભૂતકાળમાં જોઈએ છીએ. આપણે જે પળે સૂર્યને જોઈએ છીએ તે સૂર્ય આપણી જોવાની પળ કરતાં જરા વહેલો હતો તે જોઈએ છીએ. આપણે પચાસ હજાર પ્રકાશવર્ષ દૂરની નિહારિકા આજે જોઈએ છીએ. તે પચાસ હજાર વર્ષ જૂની હતી તે દેખાય છે.

**: સત્યશોધક સભાને દાન :**

૧. શ્રી બાબુભાઈ સુરતી તરફથી રૂા. ૧,૦૦૦/–નું દાન અને

૨. આચાર્યા સંગીતાબેન અને રાકેશભાઈ દેસાઈ તરફથી રૂા. ૭૦૦/–નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

તા. ૧–૩–૨૪ સૂર્યકાન્ત શાહ

# ગોધરામાં કહેલી કેટલીક વાતો

–સુષ્મા ઐય્યર
૭૮૬૨૦ ૪૧૯૧૯

જન્મજાત રેશનાલિસ્ટ ડૉ. સુષ્મા ઐય્યર : એમની જ જબાનમાં...

પિતૃસત્તાક સમાજનો ઉદ્‌ભવ લગભગ ૭૦૦૦ થી ૩૦૦૦ ઈ.સ. પૂર્વેનાં વર્ષોનો માનવામાં આવે છે. સત્તાક મનુષ્ય શિકારીમાંથી ખેડૂત બન્યો. ખેતી કરતો થયો. જેથી તેને એક સ્થળે જ રહેવું પડયું. આથી તેણે કુટુંબ, કબીલા, ઢોર, વસાવ્યા. સ્ત્રી પર પ્રજનન તથા ઘર સાચવવાની જવાબદારી આવી. આથી બધા જ નિર્ણયો પુરુષોના હાથમાં આવ્યા અને ધીરે ધીરે એવી માનસિકતા સમાજમાં ઊભી કરવામાં આવી કે સ્ત્રી અબળા છે અને વિચારવા માટે નિર્ણયો કરવા માટે પુરુષ જેટલી સક્ષમ નથી. તે સદાય પુરુષની સત્તા હેઠળ રહી. કબીલા વચ્ચેના યુદ્ધોમાં પણ ઢોર સાથે સ્ત્રીઓ પણ જીતાતી, હરાતી, હણાતી, લૂંટાતી. પછી તો અનેક પ્રકારના કુરિવાજો, ખોટી માન્યતાઓ, વહેમો, દૂષણો, ભૂત–પ્રેત–ડાકણ–ચૂડેલની વાતો સ્ત્રી સાથે જોડાઈ. આજના આધુનિક યુગમાં પણ ઘણી જગ્યાએ કોઈ ને કોઈ રૂપમાં આ પ્રવર્તે છે. જેનું નિરાકરણ માત્ર વૈજ્ઞાનિક અભિગમ દ્વારા જ થઈ શકે.

જ્યાં સુધી મારી પોતાની વાત છે તો હું જન્મજાત રેશનાલિસ્ટ છું. તો મને સભામાંથી ઘણાએ કુતૂહલવશ પૂછેલું કે આમ કેમ બને ? મારા નાના ગાંધીજીના વિચારથી પ્રભાવિત થયેલા. ઉ. પ્ર. કાનપુરની મારી માતાના લગ્ન દ. ભારતના તમિલિયન, સીતારામન ઐયર સાથે કરાવ્યા. પિતાને તમીલ અને અંગ્રેજી જ આવડે. માતાને હિન્દી. લખનૌમાં મારા જન્મ પછી બે વર્ષે પિતા રેલવેમાં જોડાવાથી ભાવનગર આવ્યા. હું ભાવનગરમાં ઉછરી. ઘરમાં અંગ્રેજી, હિન્દી મિકસ ભાષા, બહાર પાકુ ઠેઠ કાઠિયાવાડી લહેકાવાળુ ગુજરાતી બોલતા મને આવડી ગયું.

જ્યારે હું છ–સાત વર્ષની થઈ તો ઘરની બહાર રમવા જતી. બીજી છોકરીઓ મને પૂછે, ‘તમે કેવા ?’ મને થાય, ‘કેવા એટલે ?’ હું વિચારીને જવાબ આપું, ‘તમારા જેવા’, પછી અમારા ઘરમાં કદી, નાત, જાત, ધર્મની વાત જ ન થાય ! ઘણા વર્ષ સુધી ખબર જ નહીં કે, ‘અમે કેવાં ?’ આથી જ હું જન્મજાત રેશનાલિસ્ટ છું.

ચોથી–પાંચમી ભણવા માટે શહેરની શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યાશાળામાં મારે જવું પડયું. ત્યાં દરબાર–રાજપૂતની છોકરીઓ માટે હોસ્ટેલ હતી. શાળાની અંદર આથી તે છોકરીઓ અંદરની છોકરીઓ ગણાતી અને અમે બહારથી ભણવા આવતી એટલે બહારની  છોકરીઓ ગણાતી.

પછી તો એવું થયું છે 'અંદરની' છોકરીઓ મને 'તું' કહે. અને મારે એમને 'તમે' કહેવાનું ! આમ શા માટે મને સમજાય નહીં. આથી મારે રોજ ઝઘડો થાય. હું કહેતી, 'તમે મને તું કહો છો અને મારે તમને શા માટે 'તમે' કહેવાનું, 'જ્યારે આપણે એક જ કલાસમાં ભણીએ છીએ ?' તો જવાબ મળ્યો, 'અમને 'તમે' કહેવાનું કારણ કે અમે ગરાશિયા છીએ. હવે મને ગરાશિયા એટલે શું એ જ સમજ ન પડે ! મેં કહ્યું, 'તમે ગરાશિયા હો તો તમારા ઘરે.' મને તમે કહેશો તો હું તમને 'તમે' કહીશ. નહીં તો હું પણ તમને 'તું' જ કહીશ. વાત આચાર્યા સુધી પહોંચી. મને તેમણે બોલાવી, મેં કહ્યું કે, 'અમે એક જ વર્ગમાં સાથે ભણીએ છીએ તો અમે સરખા નહીં ?' આચાર્યાને વાત સમજાઈ.  બીજા દિવસથી ફરમાન થયું કે બધાએ એકબીજાને 'તમે' કહેવું. આમ અજાણતા જ મારાથી રેશનાલિસ્ટ થઈ જવાયું.

મેં લગ્ન આંતરજાતિય નહીં પણ આંતરધર્મીય કર્યા છે. પરંતુ મારું નામ બદલ્યું નથી. બાળકોના સર્ટી.માં ધર્મનો ઉલ્લેખ નથી. જો કે ફોર્મમાં મેં માનવધર્મ લખ્યું હતું. અમારી બધી કારમાં '૧૩' નો આંકડો હોય જ. કયારેય કોઈ ધાર્મિક વિધિ કરી નથી. મારા માતા–પિતા બંનેનાં મૃત્યુ પછી દેહદાન કર્યું છે. માતાના મૃત્યુ પછી તેમને ગમતા જૂના ફિલ્મી ગીતો અન્ય મિત્રો સાથે અમે ગાયેલા.

આમ અમારું આખુ કુટુંબ છે. વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવે છે, અને આશા રાખું છું કે બીજા રેશનાલિસ્ટોને પણ તેમના કુટુંબનો સાથ મળે.

---

આઈનસ્ટાઈન માનતા હતો કે સચરાચર સ્થિર છે. એડવિન હબલે આઈનસ્ટાઈનની માન્યતાને ખોટી ઠેરવી. એણે પોતાના દૂરબીનથી બરાબર અભ્યાસ કર્યો અને પુરવાર કર્યું કે સચરાચર સતત વિકસતુ રહે છે. ઈ. સ. ૧૯૩૧ માં મિલ્ટન હુમસન સાથે રહીને એણે પુરવાર કર્યું કે પ્રત્યેક સેંકડે સચરાચર ૨૦,૦૦૦ કિલોમીટર જેટલું વિકસતું જાય છે ! આઈનસ્ટાઈનને પોતાની ભૂલ સમજાઈ. એક સાચા રેશનાલિસ્ટની જેમ એમણે પૂરી નમ્રતાથી સ્વીકાર્યું કે સ્થિર સચરાચરની એમની માન્યતા એક Blander હતી !

## 'સત્યાર્થ–પ્રકાશક'માં દયાનંદ 'આર્યાવર્ત, મહાભારત–યુદ્ધ અને વૈદિક ધર્મના પતન' પ્રકરણમાં જણાવે છે

એ સિદ્ધ વાત છે કે પાંચ હજાર વર્ષ પહેલા વેદમતથી ભિન્ન બીજો કોઈ પણ મત ન હતો, કારણ કે વેદોકત સર્વ વાતો વિદ્યાથી અવિરુદ્ધ છે. વેદોની અપ્રવૃત્તિ થવાનું કારણ બન્યું મહાભારતનું યુદ્ધ. વેદોની અપ્રવૃત્તિ થવાથી સંસારમાં અવિદ્યા–અંધકાર ફેલાયો, અને તેના કારણે મનુષ્યોની બુદ્ધિ ભ્રમયુકત થઈને જેના મનમાં જેવું આવ્યું તેણે તેવો મત ચલાવ્યો. એ તમામ મતોમાં ચાર મતો કે જે વેદ–વિરુદ્ધ છે તે પુરાણો, જૈની, કિરાની અને કુરાની બધા જ મતોના મૂળ છે. આ ચારેય મત ક્રમશઃ ચાલ્યા છે એટલે કે એક પછી બીજો, બીજા પછી ત્રીજો અને ત્રીજા પછી ચોથો એમ ચાલ્યા છે. આજે આ ચારેય મતોની એક હજારથી પણ વધારે શાખાઓ છે.

* * *

પછી આર્યો આવ્યા.

જ્યારે આર્યો અને દસ્યુ લોકોમાં એટલે કે વિદ્વાન – દેવ લોકો અને અવિદ્વાન – અસુર લોકોમાં લગાતાર સંઘર્ષ ચાલુ રહ્યો અને ભારે ઉપદ્રવ થવા લાગ્યો, ત્યારે આર્ય લોકો સમસ્ત પૃથ્વીમાં આ ભૂમિને ઉત્તમ સમજીને અહીં આવીને વસ્યા. એટલા માટે આ દેશનું નામ 'આર્યાવર્ત' પડયું.

પ્રશ્ન : પહેલાં આ દેશનું નામ શું હતું અને એમાં કોણ વસ્તું હતું ?

ઉત્તર : આર્યો અહીં આવ્યા તે પહેલાં આ દેશનું કોઈ જ નામ ન હતું, અને એમાં કોઈ જ વસતુ ં પણ ન હતું. કારણ કે આર્ય લોકો જ સૃષ્ટિના આરંભ પછી થોડા જ સમય બાદ તિબેટથી સીધા જ આ દેશમાં આવીને વસ્યા હતા.

* * *

સંસારના અન્ય દેશોના સર્વ મનુષ્યો એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, દસ્યું અને મ્લેચ્છ વગેરે લોકો આર્યાવર્ત દેશમાં ઉત્પન્ન થયેલા વિદ્વાનો પાસે પોતપોતાને યોગ્ય હોય તેવી વિદ્યાનો અભ્યાસ કરે અને ચારિત્ર્યની શિક્ષા શીખે – ગ્રહણ કરે.

* * *

ર્આર્યાવર્તની બહાર ચારે બાજુ હિમાલયની પૂર્વ, અગ્નિ, દક્ષિણ, નૈઋત્ય, પશ્ચિમ વાયવ્ય, ઉત્તર અને ઈશાન તરફથી દેશોમાં જ લોકો રહેતા હતા તેમનું જ નામ 'અસુર' સિદ્ધ થાય છે. (આમ દયાનંદ પણ આર્યોની સર્વોત્તમતાના મિથ્યાભિમાનમાં રાચતા હતા)

## 'વિવેકબુદ્ધિવાદ (Rationalism) શું અને શા માટે ?' પુસ્તિકામાંથી કેટલાક અવતરણો...સાભાર

આધુનિક જ્ઞાન સાથે ધાર્મિક કટ્ટરવાદ પણ ઝડપથી વધી રહ્યો છે. ઈસ્લામ તેમાં પ્રથમ ક્રમે છે. ઈસ્લામી કટ્ટરવાદીઓ વિનાશક શસ્ત્રોનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ કે આધુનિક વિજ્ઞાનનું તત્ત્વજ્ઞાન સ્વીકારવા તૈયાર નથી. કટ્ટરતા દૂર કરવા માટે આધુનિક જ્ઞાન હોવું જરૂરી છે. માનવ સમાજે ધર્મ નિરપેક્ષ બનવું જેઈએ. વિવેબુદ્ધિવાદીઓએ માત્ર નાસ્તિક બનીને કે ધર્મની ટીકા કરી શાંત બેસી રહેવાનું નથી. તેમણે સત્યશોધન કરવાનું છે. કુદરતની વાસ્તવિકતાઓ સમજી જીવન માર્ગ પસંદ કરવો જોઈએ. આપણી સમક્ષ જે કાંઈ છે અને જે આપણી સમજમાં આવે તે ભૌતિકવાદ (materialism) છે.

* * *

કુટુંબમાં કોઈ બાળક જન્મે એટલે કૌટુંબિક વાતાવરણની અસરના કારણે આવું બાળક કુટુંબના ધાર્મિક ક્રિયાકાંડો સ્વીકારી લે છે, અને તે મુજબ વર્તન કરે છે. આ પ્રક્રિયામાં બાળકની સંમતિનો પ્રશ્ન રહેતો નથી. આ એક પ્રકારની વૈચારિક ગુલામી છે.

વ્યક્તિને સામાજિક સંસ્થા અથવા કોઈ વિચારના સાધન તરીકે ગણવાની ભૂલ ઈતિહાસમાં વારંવાર થતી રહી છે.

* * *

વર્તમાન ગરીબોનો પ્રશ્ન વિશ્વના રાજકીય સત્તાના રાજકારણના કારણે ઉકેલી શકાતો નથી. જો તમામ રાજકારણીઓ માનવકેન્દ્રી બને, તો ગરીબી કે ભૂખમરાનો પ્રશ્ન રહે નહીં. —સંપાદકો : **અશ્વિન કારીઆ અને બિપીન શ્રોફ**

### અનિશ્ચિતતા ! અનિશ્ચિતતા !!

આપણે રેશનાલિસ્ટોએ ખૂબ સાવધાનીપૂર્વક નિવેદન કરવાનું છે કે બધું કુદરતના કાયદા પ્રમાણે ચાલે છે, અને આ કાયદા નિશ્ચિત છે. ડાર્વિનનો જ સિદ્ધાંત લો. શું પચાસ કરોડ વર્ષ કે તે પૂર્વે એવું નિશ્ચિતતાથી કહી શકાતે કે અમીબામાંથી અંતે માણસ નામની પ્રજાતિ પેદા થશે ? આખોયે ઉત્ક્રાંતિનો સિદ્ધાંત કેટલો બધો અનિશ્ચિતતાથી ભરેલો છે !

# શ્રદ્ધા, આસ્થા, અનુભૂતિ એ માત્ર પ્રપંચજાળ છે

**એન. વી. ચાવડા**

(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી આપણી વચ્ચે શબ્દદેહે છે. એ શબ્દદેહના ભાગ સ્વરુપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશુ. –સૂ.)

ઘણાં બુદ્ધિજીવી વિદ્વાનો એવું કહે છે કે 'ઈશ્વર સાબિતીનો નહીં, 'પરંતુ અનુભૂતિનો વિષય છે.' તેની સામે પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, 'ઈશ્વર સાબિતિનો વિષય કયા કારણોને લીધે નથી ?' અને બીજા પ્રશ્નો એ ઉપસ્થિત થાય છે કે, 'અનુભૂતિ એટલે શું ?' 'અનુભૂતિની કોઈ ચોક્કસ તેમની પોતાની વ્યાખ્યા છે કે કેમ ?' આ બીજા પ્રશ્નોના ઉત્તરો આ વિદ્વાનોએ કયારેય આપ્યાં નથી, આપે તો તેમની પોલ પકડાઈ જાય.

વાસ્તવમાં આવી ઉડાઉ, બેજવાબદાર અને અર્થહીન વાતો કરી કેટલાંક બિકાઉ વૈજ્ઞાનિકો અને વિદ્વાનો સમાજને ગુમરાહ કરી બેવકૂક બનાવી સ્થાપિત હિતોના સકંજામાં સપડાવે છે.

ઈશ્વરને શ્રદ્ધાનો અને આસ્થાનો વિષય પણ કહેવામાં આવે છે, પરંતુ શ્રદ્ધા અને આસ્થાની પણ ચોકકસ વ્યાખ્યા કયારેય તેઓ આપતા નથી. કેટલાંક લોકો વળી જલન માતરીનો પેલો શેર ફટકારી દે છે, જેમાં કહેવાયું છે કે 'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ? કુરાનમાં તો કયાંય પયગંબરની સહી નથી.' અર્થાત્ મહમ્મદ પયગંબરે કુરાનમાં કયાંય પોતાની સહી કરી નથી, છતાંય તેમના અનુયાયીઓ કુરાનની વાણીને શ્રદ્ધાથી અલ્લાહની (ઈશ્વરની) વાણી માની લે છે, પરંતુ તેમ છતાંય કુરાનને મુસલમાન સિવાયના લોકો તો માનતા જ નથી. એ જ રીતે પ્રત્યેક ધર્મના લોકો અન્ય ધર્મગ્રંથોને ઈશ્વરવાણી નથી માનતો, ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જે શ્રદ્ધાના અપરંપાર ગુણ ગાવામાં આવી રહ્યાં છે, તેમાં કયા ધર્મના અનુયાયીઓની શ્રદ્ધા સાચી ગણવી ?

વાસ્તવિકતા એ છે કે આ શ્રદ્ધા, આસ્થા, અનુભૂતિ વગેરે લોકોને સ્થાપિત હિતોની જાળમાં ફસાવી રાખવા માટે શબ્દપ્રપંચો, શબ્દછળ અને જૂઠાણાં સિવાય કશું જ નથી. અત્યારે તો બળવાન બહુમતી લોકો આસ્થાને નામે પોતાની દાદાગીરી ચલાવી રહયાં છે.

અનુભૂતિ તદ્દન વૈયક્તિક હોય તેને સમગ્ર સમાજને બાંધતી 'શ્રદ્ધા' ગણાવી શકાય નહીં.

# ૧૭ મી બાલકૃષ્ણ પાઠકજી નિબંધ સ્પર્ધા : પરિણામ

સત્યશોધક સભા આયોજિત ૧૭મી બાલકૃષ્ણ પાઠકજી નિબંધ સ્પર્ધા સુરતની ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે યોજાય છે. આ વર્ષે શહેરની તેર શાળાઓના પાંસઠ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધકોને અગાઉથી ચાર વિષયો : (૧) ભારતના બંધારણમાં વૈજ્ઞાનિક મિજાજનું સ્થાન (૨) ટેકનોલોજી અને રેશનાલિઝમના સંબંધો (૩) ધાર્મિક ઘેલછા અને સમાજ (૪) સુરતની મહિલા સમાજ સુધારકો જાહેર કરવામાં આવ્યા હતા. એમાંથી ગમે તે એક વિષય પર સ્પર્ધકે એક કલાક માટે પોતાનો નિબંધ લખવાનો હતો. નાનપુરાની ટી. એન્ડ ટી. વી. સાર્વજનિક હાઈસ્કૂલમાં આચાર્ય શ્રી સી. ડી. પટેલે સ્પર્ધા રાખવામાં બધી જ સગવડો પૂરી પાડી હતી. આચાર્યશ્રી પટેલ એમના સ્ટાફ મિત્રો અને સંચાલક મંડળનો સત્યશોધક સભા આભાર માને છે. માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સ્પર્ધા અંગેનો પરિપત્ર બધી શાળાઓને ઓન લાઈન મળે તેવી સુવિધા કરી આપી હતી. એમનો આભાર. સ્પર્ધકોને મોકલનાર તેર શાળાના આચાર્યો અને ખાસ તકલીફ લઈને સ્પર્ધકો સાથે આવેલ શિક્ષકોનો આભાર.

નિર્ણાયક તરીકે પ્રોપ્રાયટરી ઈંગ્લિશ સ્કૂલના ઈન–ચાર્જ આચાર્યા શ્રી શોભા પટેલે અને યુનિયન હાઈસ્કૂલના નિવૃત્ત શિક્ષક શ્રી રમેશ પટેલે સેવા આપી. એમનો આભાર. બન્ને નિર્ણાયકોએ ઘણી તકલીફ લઈને પરિણામ પત્રક તૈયાર કરી આપ્યું. રમેશ પટેલે તો નિર્ણાયક તરીકે નિબંધો અંગે પોતાના અવલોકનો પણ નીચે પ્રમાણે જણાવ્યા છે કે જે આપણા સ્પર્ધકો અને શાળાના આચાર્યો તેમ જ સંબંધિત શિક્ષકોને ઉપયયોગી બનશે એવી આશા.

**મર્યાદા :**

૧. મૌલિક દ્રષ્ટિનો અભાવ જણાયો છે.
૨. એક શાળાના વિદ્યાર્થીઓના એક જ સરખા વિચારો.
૩. ઈતર વાંચન વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રોએ કરવું જરૂરી જણાયું છે.
૪. જોડણીની કાળજી રાખવી જરૂરી.
૫. છેકછાક વગરનું લખાણ હોવું જરૂરી.
૬. સ્પર્ધા માટેની તૈયારી યોગ્ય રીતે કરાવવી જરૂરી.
૭. ‘સુરતની મહિલાઓ’માં વિષયોમાં અન્ય મહિલાઓનો ઉલ્લેખ હતો. (વિષયના સંદર્ભમાં)

## સારી નોંધવા લાયક બાબતો

૧. અક્ષરો સુવાચ્ય જણાયા.

૨. ત્રણે ભાષા (અંગ્રેજી–હિન્દી–ગુજરાતી)ઓમાં નિબંધો વાંચવાની મજા પડી.

૩. જાણીતા કવિઓની કાવ્યપંક્તિઓ વાંચીને આનંદ થયો.

૪. જુદા જુદા વિષયોમાં નિબંધો હતા, આથી વિષય વૈવિધ્ય ભરપૂર જણાયું.

૫. 'ધાર્મિક ઘેલછા અને સમાજ' વિષય પર સુંદરતમ રજૂઆત થઈ શકી છે.

૬. મારા જ્ઞાનમાં પણ વધારો થયો છે.

૭. ચિત્રાત્મક રજૂઆત પણ નોંધનીય ગણી શકાય છે.

૮. 'અવતરણો' – વાંચવા – જાણવા મળ્યા.

| પરિણામ | | | |
|---|---|---|---|
| વિજેતા ક્રમાંક | નામ | શાળા | વિષય |
| ૧. | આચાર્ય નંદિની જયેશભાઈ ઈનામ રૂ. 700/- | અંબાબા હરિપુરા ઈંગ્લિશ ગર્લ્સ સ્કૂલ 94277 54035 | ધાર્મિક ઘેલછા અને સમાજ |
| ૨. | આડતિયા યાના મિતેષ (ઈનામ રૂ. 500/-) | ચંદુલાલ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કૂલ 92243 13935 | ધાર્મિક ઘેલછા અને સમાજ |
| ૩. | ઝા અમિષા અનિલ (ઈનામ રૂ. 300/-) | ટી. ઍન્ડ ટી. વી. સાર્વજનિક હાઈસ્કૂલ, નાનપુરા. 90167 21816 | Religion Madness and Society |
| ૪. | પ્રજાપતિ અંજલિ વિનોદ આશ્વાસન (ઈનામ રૂ. 200/-) | સર વી.ડી.ટી.વનિતા વિશ્રામ ગર્લ્સ હાઈસ્કૂલ 98982 95014 | સુરતના મહિલા સમાજ સુધારકો |

સ્પર્ધામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ નિબંધ લખવા માટે જે પ્રયત્નો કર્યા તેની સત્યશોધક સભા સકદર નોંધ લે છે. હવે પછી સત્યશોધક સભાના

યોજાનાર કાર્યક્રમ દરમિયાન વિજેતાઓનું અભિવાદન કરવામાં આવશે. રોકડ ઈનામ આપવામાં આવશે. તે અંગેની જાણ પણ એમના મોબાઈલ પર અને એમની શાળામાં કરવામાં આવશે. આ અંગે મારા મો. નંબર **97278 18391** પર પૃચ્છા કરી શકશો. પહેલા ત્રણ વિજેતા નિબંધો અમારા માસિક 'સત્યાન્વેષણ'માં હવે પછી સમયાંતરે પ્રગટ થશે.

**–ઈનચાર્જ મોહનભાઈ પટેલ**

---

## ચિંતનકણિકા

---

**–મોહનભાઈ પટેલ**

**97278 18391**

* શાંતિથી જગતમાં જીવવું હોય તો પ્રસંગો સાથે અનુકૂલન કરો.
* ગાંધીજી પહેલાં 'પરમેશ્વર એ જ સત્ય કહેતા' પરંતુ નાસ્તિક કેન્દ્ર વિજયવાડા (A. P.) ના નિયામકશ્રી – ગોરાની સમજાવટથી – પત્રવ્યવહારથી અને પ્રત્યક્ષ મુલાકાતથી 'સત્ય એ જ પરમેશ્વર' તરીકે એમણે સ્વીકાર્યું હતું.
* સ્ટીફન હોકીંગનું કથન : માનવી મૂર્ખ પણ બને છે.
* શિક્ષક રેશનલ, માનવવાદી, વૈજ્ઞાનિક અભિગમથી ક્રાંતિકારી ફેરફારો લાવી શકે.
* સમાજ સુધારકો – સેવકો – વૈજ્ઞાનિકો – માનવવાદી પણ શ્રેષ્ઠ શિક્ષકો છે.
* સેવા અને તેમની મહત્વની ક્ષણોમાં 'હું' નથી હોતો....

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

---

| | |
|---|---|
| (૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | – ડૉ. બી. એ. પરીખ |
| (૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | – સૂર્યકાન્ત શાહ |
| (૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ | –ડૉ. બી. એ. પરીખ |
| (૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | –ડૉ. બી. એ. પરીખ |
| (૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ | –ડૉ. બી. એ. પરીખ |
| (૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– | –સૂર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# સત્યશોધન માટે સત્યશોધક સભાના પ્રયત્નો

## વિજ્ઞાન દિન ઉજવણી

તા. ૨૮ મી ફેબ્રુઆરીએ વિજ્ઞાન દિન નિમિત્તે સત્યશોધક સભાએ સુરત શહેર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને તેના સંનિષ્ઠ શિક્ષક શ્રી રાકેશભાઈ દેસાઈના સહકારથી શાળા ક્રમાંક ૩૬/૩૮ શ્રી એચ. કે. ઝવેરી, એમ. કે. ઝવેરી પ્રાથમિક શાળામાં 'ચમત્કાર નિદર્શન' અને 'વિજ્ઞાન : સમજ સાથે ગમ્મત'નો કાર્યક્રમ યોજયો હતો. જાદવ વેકરિયાએ ચમત્કાર નિદર્શનના પ્રયોગો અને મનસુખ નારિયાએ ગમ્મતની સાથે વિજ્ઞાનના નિયમો ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા.

ન. પ્રા. શિ. સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાના પ્રમુખપદે યોજાયેલ આ કાર્યક્રમમાં જાદવ વેકરિયાએ અગ્નિ પ્રાગટય કર્યા બાદ રાકેશ દેસાઈએ સૌનું ભાવભીનુ સ્વાગત કર્યું હતું. જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવાનું એમણે વિદ્યાર્થીઓ તેમ જ હાજર વિજ્ઞાન શિક્ષકો, વાલીઓ અને આચાર્યોને જણાવ્યું હતું. સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહે સભાનો પરિચય આપતા જણાવ્યું હતું કે સમાજને નુકસાનકારક પ્રવૃત્તિઓનો વિરોધ કરવા માટે સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. આજે પણ અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજો વિરુદ્ધ એ અવિરત ઝુંબેશ ઉપાડે છે. કશું પણ બને અથવા કંઈક કહેવામાં આવે ત્યારે પૂછવાનું તેમ જ સંશય કરવા પર એમણે ભાર મૂકયો હતો. કાર્યક્રમની સમજ આપતા સહમંત્રી સુગીત પાઠકજીએ જેમના નામે વિજ્ઞાન દિન ઉજવાય છે તે સી. વી. રામને દરિયાઈ પ્રવાસ પ્રસંગે પાણી પર પડતાં કિરણો અને પાણીના ભૂરા રંગ વિશે સવાલો પૂછયા : તેમાંથી એમને જગતને 'રામન ઈફેકટ' નામની ભેટ આપી. નોબલ પ્રાઈઝના દાવેદાર બન્યા. આથી ખુલ્લા મનની પાઠકજીએ તરફદારી કરી હતી.

અધ્યક્ષશ્રી રાજેન્દ્ર કાપડિયાએ વિજ્ઞાન થકી જ વ્યકિતનું અને સમાજનું જીવન સુધરે છે તે જણાવ્યું હતું. ઉપરાંત જોગાનુજોગ બનેલી ઘટના સમજાવતા એમણે શ્રોતાઓને જણાવ્યું હતું કે સૂર્યકાન્ત શાહ એમના ગુરુ હતા. તેમ જણાવીને એમણે શાહને પ્રણામ કર્યા હતા. શાહે વળતા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનો આવો પ્રેમ જ અમને સાર્થકતા આપે છે. સમિતિના ઉપાધ્યક્ષ શ્રીમતી ગોસ્વામીજીએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું કે વિજ્ઞાનની શોધખોળોથી પ્રગટ થતી આધુનિકતા સાથે આપણી સંસ્કૃતિને જોડતા રહેવું

જોઈએ. મનસુખ નારિયાએ સૌનો આભાર માન્યો હતો. એમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ પ્રયોગો દ્વારા અને ગમ્મતથી વિજ્ઞાનના નિયમોને વધારે સમજતા હોય છે. આ પ્રસંગે આચાર્યશ્રી સંગીતાબેન રાણા અને રાકેશભાઈએ સત્યશોધક સભાને દાન આપ્યું હતું. ચમત્કારના નિદર્શન અને ગમ્મત સાથે આપેલા વિજ્ઞાનનો કાર્યક્રમ બે કલાક ચાલ્યો હતો તો પણ વિદ્યાર્થીઓ જરાયે થાકયા નહોતા. વધારે જાણવાની અને મજા કરવાની એમની ઉત્સુકતા વધતી હતી. આખરે બધા ચાને ન્યાય આપીને છૂટા પડયા હતા.

---

માનવ મગજને પણ આળસ ગમે છે. વિજ્ઞાનને એના શુદ્ધ સ્વરૂપમાં વીચારવું અને અજ્ઞાનના પ્રદેશમાંથી કોઈ એક જ્ઞાનનું કિરણ શોધી કાઢવામાં મગજને ખૂબ શ્રમ પહોંચે છે, આથી ઘણીવાર વૈજ્ઞાનિકો પણ ટેકનોલોજીને પસંદ કરે છે. વિજ્ઞાને શોધેલા કોઈક તત્ત્વને ક્રમાનુસાર ગોઠવીને તેનો વ્યવસ્થિત અમલ કરવો તે ટેકનોલોજી છે. મોટા ભાગના વૈજ્ઞાનિક સંશોધનોથી સામાન્ય માણસને ફાયદા ઓછા થાય છે. એને ટેકનોલોજીથી ફાયદા મળે છે. આથી જ કેટલાક વૈજ્ઞાનિકો પણ આવી પ્રસિદ્ધ અને કેટલાક કિસ્સામાં પૈસા માટે ટેકનોલોજી તરફ વળી જાય છે.

એવું બનતું આવ્યું છે કે કોઈ એક શોધ બે વૈજ્ઞાનિકોએ તદ્દન સ્વતંત્રપણે કરી હોય. આ બાબત એ સૂચવે છે કે વિજ્ઞાનમાં પરલક્ષીતા છે. એમાં સંશોધકના પોતાના પૂર્વગ્રહો કામે લાગતા નથી. જુઓને, ઉત્ક્રાંતિ જેવી મહાન શોધ પણ ડાર્વિન અને આલ્ફ્રેડ વોલેરક સાથે સાથે  છતાં એકબીજાથી  સ્વતંત્ર રહીને કરી હતી ! આ બાબત સૂચવે છે કે ઉત્ક્રાંતિ અને એવા બીજાં સંશોધનો સંશોધકોની ધૂન પર નહીં, પરંતુ સંશોધિત સિદ્ધાંતની પરલક્ષિતા સૂચવે છે.

---

## સચ–જૂઠની રમત !

સમાજમાં જો બધા જ લોકો બધા જ સમયે સાચુ બોલતા હોય અને તેમાં એક જુઠ્ઠું બોલતો હોય તો તેને અઢળક ફાયદો થાય. જો બધા જ લોકો બધા જ સમયે જુઠ્ઠું બોલતા હોય તો સમાજ ભાંગી જ પડે. આ બેની વચ્ચેની પરિસ્થિતિ જ સમાજને ટકાવે અને સાચું તેમજ જૂઠ્ઠું બન્નેને ચાલવા દે ! એમાં બને એવું કે બિલકુલ અવિશ્વસનીય જૂઠ તરત પકડાઈ જાય. આમ અત્યારનો આપણો સમાજ સચ–જૂઠની ભેળપૂરી જેવો છે અને તે એવો જ હોવો જોઈએ.

# રમણભાઈ પાઠક અને પેરિયાર–૧

(સુરતની નવસર્જન ઝેવિયર્સ સેવ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ સાથે રહીને સત્યશોધક સભાએ 'રમણભાઈ પાઠક અને પેરિયાર' પર સેમિનાર યોજેલા. આ સેમિનારમાં વ્યક્ત થયેલ વિવિધ વિચારોનાં ભાથાંને 'સત્યાન્વેષણ'ના આ અંકમાં અને હવે પછીના અંકમાં ક્રમશઃ પ્રસિદ્ધ કરવામાં આવશે. સેમિનારમાં પધારેલ વક્તાઓ અને શ્રોતાઓનું સ્વાગત કરતા ફા. રાજીવ તરફથી પણ ચિંતન કરવા યોગ્ય મુદ્દાઓ રજૂ થયા હતા. –સૂ.

## ચિંતન તણખલાં




લોકશાહી એ જ આપનો 'ભારતીય–બંધારણ–પ્રેરિત, હક્કોથી–કંડારેલ, મહાન બિનસાંપ્રદાયિક જાહેર ધર્મ', બીજા બધા જાહેરમાં જગ્યા ખરીદેલ, દાનમાં મેળવેલ તથા ખાનગી જગ્યા પર વસતા 'ખાનગી ધર્મ–ઘરની મિલકતો' છે એ મેળવવાનો આપના દરેકનો અધિકાર છે. જે આર્ટિકલ નંબર ૩૦ અને ૨૧ માં સ્પષ્ટ થાય છે. તેનાથી 'સત–ચિત્ત–હૃદયનો–આનંદ' ફેલાવવાની આપણી ફરજ છે. અમુક લોકો એને ઈશ્વરીય ફરજ સમજે છે, તો અમુક કુદરતી ફરજ. આવી સમજ તો મૌલિક અધિકાર છે. 'ભારતીય–બંધારણ–પ્રેરિત, હક્કોથી–કંડારેલ, મહાન બિનસાંપ્રદાયિક જાહેર ધર્મ' સત્ય તરફ વળતા અને વાળતા યહૂદી રબીઓ, ખ્રિસ્તી–સન્યસ્ત–બિન સન્યસ્ત પાદરીઓ તથા સંન્યાસિનીઓ, ઈસ્લામ–મૌલવીઓ, જૈન–મુનિઓ તથા સાધ્વીઓ, બૌધ્ધ સાધુ–સાધ્વીઓ, સનાતન–ધર્મગુરુઓ–હિન્દુ–ધર્મગુરુઓ, શીખ' સત–શ્રી–અવકાલ–ગુરુ–સરદારજીઓ, આ બધા જ રસુલો, નબીઓ, મુનિઓ તથા સંતો 'જાહેર ધર્મ'માં માની, અને તેને માન–સન્માન આપી 'સત્યના–મંદિર'નો ઘંટ વગાડવા પ્રેરે છે.

ભારતીય બંધારણ–પ્રેરિત–હક્કોથી–કંડારેલ લોકશાહી' જ આપનો 'સાચો સ્થિતપ્રજ્ઞી જાહેર ધર્મ છે. મંદિરો, ગિરિજાઘરો, મસ્જિદો, દેરાસરો, બુધ્ધ–મઠો, ગુરુદ્વારાઓ અને બીજા બધા પંથો, જેઓ આપના ઘરોમાં વસે છે. તેઓ બધા જ 'ખાનગી ધર્મ–ઘરની મિલકતો' ગણી શકાય.

આપણે જોવાનું છે એ કે, એમનાથી નીકળતાં અસત્યોએ ભારતીય–બંધારણ–પ્રેરિત હક્કોથી કંડારેલ. 'જાહેર લોકશાહી ધર્મમાં પાછળના દરવાજેથી ના ફેલાય. જો આ ધર્મો અંધશ્રદ્ધા અને શ્રદ્ધા વચ્ચે રહેલ 'બ્લેક હોલ'નું અંતર ટૂંકુ કરતા હોય તો એમને બધાને મારી સલામ છે. લોકોની અંધશ્રદ્ધાનું નિર્મૂલન કરવું અને અજાણ શિશુને તેની આંગળી પકડીને કુદરતમાં ચાલતા ચાલતા હસતા મોઢે સત્ય તરફ વાળી 'શાસ્ત્ર–શુદ્ધ–વિજ્ઞાનલક્ષી' મૂલ્યનું સિંચન કરે એ જ વાજબી છે. વૈજ્ઞાનિક સત્યના મૂલ્ય ભણી વાળી દેનારા તથા તેની તરફ લઈ જવા માટેના વિવિધ રસ્તાઓ ઘણા છે. દા. ત. સભા, શિબિર, કાર્ય મેળો, કાર્ય ઝુંબેશો, વિષયલક્ષી ચર્ચા સત્રો, ગોષ્ઠિ, વાંચન, લેખન, વિવિધ સ્પર્ધાઓ, મનોરંજન કાર્યક્રમો, ઉમંગ ભરી બેઠકો, પુસ્તક મેળાવડા, સમાજ સુધારક અને સમાજ પ્રવર્તકોની ઉજવણીઓ, એવા ઘણા બધા વૈજ્ઞાનિક સત્યનું દર્શન કરાવનાર જ્ઞાનલક્ષી સારાં કાર્યો અને તેમાંથી નીકળેલ ઉષ્ણ–શીત પ્રવાહો, આપણે નવજાત બાળક સામે ધરવાના છે. બાળકની સૂઝ–બૂઝનું આકલન જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી શોધખોળ તો કરવાની જ. અને એ જ આપના માટે સાચું લાગે છે, તેથી બાળક આ બધા વહેણોમાંથી પસાર થઈ પોતે જાતે નક્કી કરે કે એને ઘરની કોટડીમાંનો ધર્મ જોઈએ છે કે જાહેર જીવનમાં રહેલ લોકશાહી ધર્મ જોઈએ છે. જે આપણને અસત્યના અંધકારમાંથી સત્યના પ્રકાશ દારફ દોરી શકે તેવા રમણભાઈ અને પેરિયાર સાહેબના પ્રયત્નો હતા તે પહેલા આંબેડકરના પણ એ જ પ્રયત્નો હતા. એમણે ભારત આગળ લોકશાહી ધર્મનો માર્ગ કંડાર્યો; જે આપણા ભારતનું બંધારણ છે. જ્યાં સર્વ ધર્મના તથ્યો, એનું સિંચન અને આ સિંચનની કેપ્સુલ 'ભારતના બંધારણ' નામના ધર્મગ્રંથમાં રાખેલ છે. આપણે આપણું આ જાહેર પવિત્ર શાસ્ત્ર બંધારણ છે એને આપણે ટકાવી રાખીએ. આ સેમિનારનું આયોજન કરેલ છે. જે મંથન થવાનું છે તે આપણે બધાને અંધશ્રદ્ધાનું નિવારણ કરીને સાચી લોકશાહીના માર્ગે વાળશે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# આવી અંધશ્રદ્ધાનો ઈલાજ ક્યાં શોધવો ?

–ડૉ. મિતાલી સમોવા

**બાળકોનું ભલું કરવું હોય તો એમનાં માતા–પિતાને કેટલીક પ્રથા અને ગેરમાન્યતા સામે જાગ્રત કરવા પડશે.**

કહેવાય છે કે માતા–પિતાથી વધુ પ્રેમ, કાળજી અને સુરક્ષા એક બાળકને બીજું કોઈ ન આપી શકે. છતાં આપણે રોજરોજ એવા પણ કિસ્સા જોઈએ–સાંભળીએ છીએ, જેમાં રક્ષક માતા–પિતા જ જાણે–અજાણે બાળકનો જાન લેવામાં નિમિત્ત બની જાય છે. આ પૃથ્વી પરનો સૌથી બુદ્ધિશાળી જીવ એવો મનુષ્ય જ્યારે માતા–પિતા તરીકે પોતાના જ બાળક માટે જોખમી બની જાય ત્યારે આપણે એ વિશે ચર્ચા કરવી જરૂરી બની જાય છે.

હમણાંની આ બે ઘટના યાદ કરીએ. મધ્ય પ્રદેશમાં ગરીબ–પછાત વર્ગના માતા–પિતાએ પોતાના ફક્ત ત્રણ મહિનાના બાળકને ન્યુમોનિયા થઈ ગયા પછી ઈલાજ માટે એના શરીર પર ૫૧ વખત ડામ દીધા. કહેવાની જરૂર નથી કે પછી  એ બાળક મૃત્યુ પામ્યું. બીજા કિસ્સામાં કેન્સરથી પીડાતા સાત વર્ષના દીકરાને એનાં માતા–પિતાએ ગંગા નદીના ઠંડા પાણીમાં પાંચેક મિનિટ ડુબાડી રાખ્યો. કારણ ? એ જ : દીકરો કેન્સરની બીમારીમાંથી સાજો થઈ જશે એવી અંધશ્રદ્ધા !

મધ્ય પ્રદેશ જેવા કિસ્સામાં અંધશ્રદ્ધા કારણભૂત છે. દુનિયાના લગભગ દરેક સમુદાયમાં કોઈ ને કોઈ પ્રકારની અંધશ્રદ્ધા પ્રવર્તે છે. આજે પણ બિનપાયાદાર કે તદ્દન અતાર્કિક રીતે ઘણી અંધશ્રદ્ધા સમાજમાં પ્રવર્તતી દેખાય છે, પણ આગે સે ચલી આતી હૈ...ની  જેમ આપણે એ છોડી શકતાં નથી.

આપણા સમાજને આપણે પારિવારિક, સામાજિક અને આરોગ્યની દ્રષ્ટિએ જાગ્રત બનાવી શકયાં નથી અને આપણી સહિયારી જવાબદારી નિભાવી શકયાં નથી. આસપાસના સમાજમાં ઘરેલું ચિકિત્સા કરવાનો દુરાગ્રહ રખાતો હોય, કોઈએ યોગ્ય રીતે માર્ગદર્શન ન આપ્યું હોય અને નહીં જ સમજે એમ માનીને એમના હાલ પર છોડી દીધા હોય...આવી હાલતમાં ઘણા લોકો અણસમજ રહે અને માહિતીના અભાવે અંધશ્રદ્ધાને અનુસરતા રહે એમાં શું નવાઈ ?

કોઈપણ ચિકિત્સા જે રોગમાં કામ કરતી હોય એનો યોગ્ય નિષ્ણાત દ્વારા ઉપયોગ થવો જોઈએ. કોઈ ભૂવા કે બોગસ ડૉક્ટર દ્વારા એનો પ્રયોગ જીવલેણ પુરવાર થઈ શકે છે.

(વધુ માટે ટા.–૪ ઉપર)

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

મુશ્કેલી એ છે કે આવી ઘટના સામે લોકો અવાજ ઉઠાવતા નથી. અંધશ્રદ્ધા નિર્મૂલન માટે કામ કરતા ગણ્યાગાંઠયા કાર્યકરોને સમાજમાંથી ખાસ સમર્થન મળતું નથી કારણ કે એમાં સવાલ આપણા સમાજમાં રૂઢ થઈ ગયેલી કેટલીક પ્રથા અને માન્યતા સામે ઊભો થાય છે. એ જોખમ લેવા કોઈ તૈયાર નથી. આપણા સમાજના અગ્રણીઓ કે રાજકીય આગેવાનોને પણ અંધશ્રદ્ધા દૂર કરવામાં ખાસ રસ હોય એમ લાગતું નથી.

આવા કિસ્સા બનતો રોકવા છેવાડાના માણસ સુધી કિફાયતી આરોગ્યસેવા પહોંચે અને જુદી જુદી બીમારી અને એના ઈલાજ વિશે એમને સમજણ મળે એ જરૂરી છે.

ઔર એક વાત, માતા–પિતાને ભગવાન માની લેવાથી બાળકોનું ભલું નહીં થાય. એમને માતૃત્વ–પિતૃત્વ માટે યોગ્ય રીતે જાગ્રત કરવાથી થશે. સહિયારી જાગૃતિ અને ભૂલમાંથી બોધપાઠ એ જ સમસ્યાનો ઉપાય છે.

('ચિત્રલેખા'ના ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના અંકમાંથી ટૂંકાવીને સાભાર)

પ્રેષક : **સુરેન્દ્ર પટેલ, સુરત**
**78742 83881**

**'સત્યાન્વેષણ' માસીક**

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ રુલ્સ, ૧૯૯૬ અન્વયે**

**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**

**ફોર્મ નં. : ૪ (નીયમ નં. ૮ મુજબ)**

સમાચારપત્રનું નામ : 'સત્યાન્વેષણ' પ્રકાશનની સામયિકતા : માસિક, સમાચાર પત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત, શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત રાષ્ટ્રિયતા : ભારતીય, માલિક : સત્યશોધક સભા, સરનામુ : C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. અવધી : માસિક–કિંમત : વાર્ષિક લવાજમ રૂા/. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/–. હું સૂર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૫–૩–૨૦૨૪ **સૂર્યકાન્ત શાહ**

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**